શહેરમાં વાદળિયા વાતાવરણમાં વરસાદી ઝાપટા

શહેરમાં મોસમની વિક્રમી ગરમી ૪૪ ડીગ્રી : બપોર સુધી આક્રમક ગરમી : બપોર બાદ વાદળિયા વાતાવરણના અંતે હળવા વરસાદી ઝાપટાથી ઠંડક : સુસવાટા મારતા પવનથી નગર ધુળિયુ બન્યુ : ભર ઉનાળે અષાઢી માહોલ નિખર્યો

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં આજે મોસમનો વિચત્ર મિજાજ જોવા મળ્યો હતો. બપોર સુધી આકરી ગરમીના અંતે અચાનક જ વાતાવરણ પલ્ટાના લીધે વરસાદી ઝાપટુ વરસ્યુ હતુ. ભર ઉનાળે અષાઢી માહોલ સર્જાયો હતો. તૌકતે વાવાઝોડાની અસરથી વાતાવરણ પલ્ટાના લીધે હળવા વરસાદી ઝાપટના લીધે શહેરમાં ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો. જયારે દિવસે ગરમીનો પારો પણ રેકર્ડબ્રેક સ્થિતિએ રહ્યો હતો. ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૨ ડીગ્રી ઉંચકાયો હતો. દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રી નોંધાયુ હતુ. વાવાઝોડાની અસર વચ્ચે છેલ્લા બે દિવસથી બદલાતો મોસમનો મિજાજ ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

ગાંધીનગરમાં તૌકતે વાવાઝોડાની અસર વચ્ચે આજે ફરી વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. બપોરના સમયે અચાનક જ આકાશમાં વાદળો ઘેરાઈ આવ્યા હતા . સુસવાટા મારતા પવન સાથે નગરમાં ધુળની ડમરીઓ ઉડી હતી. જયારે વાતાવરણ પલ્ટાના અંતે વરસાદી ઝાપટુ વરસતા ભર ઉનાળે અષાઢી માહોલ જોવા મળ્યો હતો. બપોરે વાતાવરણ પલ્ટાના અંતે સાંજે પણ આકાશમાં અષાઢી નઝારો નિખર્યો હતો. હળવા વરસાદી ઝાપટાથી વાતાવરણમાં ભીની માટીની મહેક પ્રસરી હતી. નગરના માર્ગોપર વરસાદી પાણીના ખોબાચિયા ભરાયા હતા. માર્ગો પર ભીંજારા સાથે સેકટરોમાં પણ વાતાવરણ પલ્ટા વચ્ચે સુસવાટા મારતા પવનથી વાતાવરણ ધુળિયુ બની ગયુ હતુ. એકબાજુ વાતાવરણ પલ્ટાથી આકરી ગરમીમાં પણ ચોમાસા જેવા દ્રશ્યો સર્જાયા હતા. બીજીતરફ આજે સિઝનનો સૌથી ગરમ દિવસ રહ્યો હતો. ગઈકાલની સાપેક્ષમાં ગરમીનો પારો ૨ ડીગ્રી ઉંચકાયો હતો. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૨ ડીગ્રી નોંધાયુ હતુ.

જયારે આજે ગરમીનો પારો ૪૪ ડીગ્રીને ટચ થઈ ગયો હતો. જેના લીધે સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. વાતાવરણ પલ્ટા પુર્વે બપોરે આકાશમાંથી અંગારા વરસ્યા હતા. આકરી ગરમીએ સૌ કોઈને આકુળ વ્યાકુળ કરી દીધા હતા જયારે હીટવેવની અસર વચ્ચે નગરજનો ઘરમાં એ સી ઓન કરીને પુરાયા હતા.

એકબાજુ કોરોનાનો કહેર યથાવત છે. ત્યારે ગરમીએ પણ આક્રમક મિજાજ દાખવતા નગરજનો મુંઝવણ અનુભવી રહ્યા છે. મહત્તમ તાપમાન ૨ ડીગ્રી ઉંચકાવાની સાથે લઘુત્તમ તાપમાન પણ ૩૦ ડીગ્રીને પાર જતુ રહ્યુ હતુ. જેના લીધે વાદળિયા વાતાવરણ વચ્ચે પણ નાગરિકોએ આકરા બફારાનો અનુભવ કર્યો હતો.વાતાવરણ પલ્ટા વચ્ચે વાવાઝોડુ અને વરસાદ ગમે ત્યારે ત્રાટકે તેવી ભીતિ વચ્ચે નગરજનો હાલ ઘરમાં જ રહેવાનુ પસંદ કરી રહ્યા છે. આમ પણ કોરોનાએ સૌ કોઈને લોકડાઉન કરી દીધા છે.

ત્યારે ગરમી અને મોસમમાં આવતો સતત બદલાવ પણ આમ નાગરિકો માટે ચર્ચાનો વિષય બન્યો છે. તૌકતે વાવાઝોડાની અસરથી બચવા માટે તંત્ર કામે લાગ્યુ છે. દરિયાકાંઠાના વિસ્તારોને વાવાઝોડાથી બચાવવા માટે જરૂરી તકેદારીના તમામ પગલા માટે ટીમ સ્ટન્ડ ટુ કરી દેવામાં આવી છે. આજે પણ વાવાઝોડાની અસર વચ્ચે સાંજના સમયે અમદાવાદમાં વરસાદ વરસ્યો હતો. જયારે ગાંધીનગરમાં પણ વરસાદી ઝાપટા વચ્ચે ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો. એકબાજુ વાદળિયુ વાતાવરણ અને વરસતા વરસાદ વચ્ચે પણ ગરમીનો પારો પરાકાષ્ટાએ રહ્યો હતો. ગરમીની સિઝનનુ મહત્તમ તાપમાન આજે નોંધાયુ હતુ. વાતાવરણ પલ્ટા વચ્ચે રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી.

“તૌકતે વાવાઝોડા” સંદર્ભે જિલ્લા અધિકારીઓની બેઠક યોજાઈ

જિલ્લા કલેકટરે તમામ તાલુકાના નોડલ અધિકારીઓ પાસેથી આયોજનની સવિસ્તાર માહિતી મેળવી

ગાંધીનગર, તા. ૧૬

અરબી સમુદ્રમાં સક્રિય અતિ ભાયનક તૌકતે વાવાઝોડું સંદર્ભે આજરોજ ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યની અધ્યક્ષતામાં જિલ્લાના અધિકારીઓની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં તૌકતે વાવાઝોડા દરમ્યાન તાલુકાકક્ષાએ કેવી વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે તેની સવિસ્તાર માહિતી જિલ્લા કલેકટરે અધિકારીઓ પાસેથી મેળવી હતી તેમજ જરૂરી સૂચનો પણ કર્યા હતા. આ બેઠકમાં જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યએ દરેક અધિકારી- કર્મચારીઓએ પોતાના હેડકવાર્ટરમાં જ રહેવાનું ભારપૂર્વક જણાવ્યું હતું. ભારે પવન તથા વરસાદને કારણે કાચા મકાનો/ ખુલ્લામાં રહેતા લોકોની સલામતી માટેના પગલાઓ લેવા દરેક તાલુકામાં શું શું વ્યવસ્થા કરવામાં આવી છે, તેની માહિતી તમામ તાલુકાના નોડલ અધિકારીઓ પાસેથી મેળવી હતી.

કલેકટર દ્વારા વીજ થાંભલાઓ પડી જવાના કારણે વીજ પુરવઠો ખોરવાઈ જાય તો તેને કારણે હોસ્પિટલમાં રહેતા દર્દીઓની સારવાર માટે કોઈ પ્રશ્ન ન થાય તે માટે થઈને જનરેટર અને વૈકલ્પિક વ્યવસ્થાઓ કરવા માટે જરૂરી પગલાં લેવા જણાવવામાં આવ્યું હતું. સરકારની સ્થાયી સુચનાઓ મુજબ જાન અને માલનું નુકસાન ન થાય તે માટે જરૂરી પગલાં લેવા તેમજ પેટ્રોલ-ડીઝલ, અનાજ, દૂધ વિગેરેનો પુરવઠો જળવાઈ રહે તે માટેના પણ જરૂરી પગલાં લેવા જણાવવામાં આવ્યું હતું.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે હોર્ડિંગ વિગેરે જે ભારે પવનને કારણે પડી જવાની શક્યતાઓ હોય તો તેને દૂર કરવા અથવા તો તેમની નજીકનાં કોઈ જાનમાલને નુકસાન ન થાય તે માટેના જરૂરી પગલાં લેવામાં આવે.

ગુજરાત “ઝીરો કેઝ્યૂઅલ્ટી” અભિગમ સાથે સંભવિત વાવાઝોડાનો સામનો કરવા કટિબદ્ધ : રૂપાણી

“તાઉતે” વાવાઝોડા સામે ગુજરાત સજ્જ : કેન્દ્રીય ગૃહમંત્રીએ ગુજરાત, મહારાષ્ટ્રના મુખ્યમંત્રીઓ અને દીવ-દમણના પ્રશાસક સાથે નવીદિલ્હીથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી સંભવિત વાવાઝોડાની સ્થિતિના સામના માટે રાજ્યોના આયોજનની તલસ્પર્શી સમીક્ષા કરી

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત રાજ્ય “ઝીરો કેઝ્યૂઅલ્ટી” અભિગમ સાથે “તાઉતે” વાવાઝોડાનો સામનો કરવા સજ્જ છે તેમ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યુ હતું.

ભાવનગર જિલ્લા કલેકટર કચેરી ખાતેથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહ સાથે સંવાદ સાધતા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે વાવાઝોડાની પરિસ્થિતિમાં ગુજરાતના દરિયાકાંઠાના જિલ્લાઓમાં કોવીડગ્રસ્ત દર્દીઓને કોઈ પણ પ્રકારની હાલાકી ન પડે તે માટે રાજ્ય સરકારે સુદ્રઢ આયોજન કર્યું છે અને વૈકલ્પિક વ્યવસ્થાઓ ઉભી કરી છે.

ભાવનગર શહેર અને જિલ્લાની કોરોના સંક્રમણ નિયંત્રણ અને સારવાર વગેરેની સમીક્ષા માટે મુખ્યમંત્રી ભાવનગરની મુલાકાતે હતા.

ભાવનગર જિલ્લો પણ સંભવિત વાવાઝોડાના અસરગ્રસ્ત વિસ્તારમાં હોવાથી મુખ્યમંત્રીએ જિલ્લા તંત્રવાહકો સાથે આ સંભવિત વાવાઝોડા સામે આપદા પ્રબંધન અંગે વિગતવાર ચર્ચા હાથ ધરી તલસ્પર્શી વિગતો મેળવી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે સંભવિત વાવાઝોડાથી અસર પામનારા રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે નવીદિલ્હીથી યોજેલી વિડિયો કોન્ફરન્સ સમીક્ષા બેઠકમાં વિજયભાઈ રૂપાણી ભાવનગર કલેકટર કચેરીથી જોડાયા હતા.

મુખ્યમંત્રીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહને ગુજરાતની સજ્જતા અંગે વાકેફ કરતા જણાવ્યું હતું કે જો વાવાઝોડું ત્રાટકે તો ગુજરાતના દરિયાકાંઠાના જિલ્લાઓમાં કોવીડ હોસ્પિટલોને “વીન્ડ પ્રૂફીંગ” બનાવવા માટેની તૈયારી સંદર્ભે જરૂરી દિશા-નિર્દેશ આપવામાં આવ્યા છે.

તેમણે ઉમેર્યું હતું કે જો સ્થિતિ વણસે તો તે સંજોગોમાં કોવીડના દર્દીઓને ધ્યાને લઈ કચ્છ, જામનગર, ભાવનગર સહિતના જિલ્લામાં ૮૫ થી વધુ આઈસીયુ એમ્બ્યુલન્સ સ્ટેન્ડબાય રાખવામાં આવી છે.

જિલ્લામાં નવા કેસ ૧૯૪ : ડિસ્ચાર્જ ૨૦૨

ગાંધીનગરમાં ૨૫, દહેગામમાં ૨૩, કલોલમાં ૩૬ અને માણસામાં ૨૬ કેસ : ગ્રામ્ય વિસ્તારમાં ૪૯ મહિલા દર્દી નોંધાયા : બોરીસણામાં ૧ વર્ષનું બાળક સંક્રમિત : બે દર્દીના સારવાર દરમ્યાન મોત : શહેરમાં કુડાસણમાં ૯, કોલવડામાં ૮, સરગાસણમાં ૭, વાવોલમાં ૬, સે. ૭ માં ૫, રાંધેજામાં ૪, સે. ૨, ૪, ૬, ૧૭, ૨૬ માં ૩-૩ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડાનો સિલસિલો યથાવત્ રહેવા પામ્યો છે. ૨૫ દિવસ પછી જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા ૨૦૦ ની નીચે નોંધાતા તંત્રએ આજે રાહત અનુભવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૧૦ કેસ અને ગાંધીનગર શહેરમાં ૮૪ કેસ મળી કુલ ૧૯૪ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસમાંથી બે દર્દીના આજે સારવાર દરમ્યાન મોત થયા છે.

જિલ્લામાં આજે પણ કોરોનાથી સંક્રમિત થનાર દર્દીઓ કરતાં કોરોનામાં રિકવર થયા બાદ ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા વધી રહી છે. જિલ્લામાં આજે ૨૦૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૧૧૨ દર્દીને અને ગ્રામ્ય વિસ્તારમાં ૯૦ દર્દીને રિકવર થતાં ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૨૩, ગાંધીનગરમાં ૨૫, કલોલમાં ૩૬ અને માણસામાં ૨૬ કેસનો સમાવેશ થાય છે. તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યામાં ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે. અંતરિયાળ ગામોમાંથી પણ કેસો મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૪૯ મહિલા દર્દી, ૧૩ વિદ્યાર્થી, ૬ કર્મયોગી અને ૧ નિવૃત્ત કર્મયોગી, ૧૧ ખેડૂત તેમજ ૨૦ થી ઓછી વય ધરાવતા કિશોરની સંખ્યા ૮ છે. ૧૨ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

કલોલ તાલુકાના બોરીસણા ગામેથી ૧ વર્ષનું બાળક સંક્રમિત થયેલુ મળતાં તંત્રની ચિંતા જરૂર વધી છે. બાળકો-કિશોર જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેની સાથે મહિલા દર્દીઓની સંખ્યા પણ વધી રહી છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

જિલ્લાના દહેગામ તાલુકામાં આજે ૨૩ કેસ નોંધાયા છે. દહેગામના સાંપા ગામેથી ૫ કેસ તેમજ દહેગામ અર્બન, ગુડીયાની મુવાડી, શિયાવાડા, ખાનપુર ગામેથી ૨-૨ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત ગમીજ, દેવકરણના મુવાડા, બાલુજીની મુવાડી, વાસણા સોગઠી, જીવરાજના મુવાડા, કડજોદરા, લવાડ, રખિયાલ, બિલમણા અને વાસણા ચૌધરી ગામેથી પણ કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાંથી આજે વધુ ૨૫ કેસ મળી આવ્યા છે. તાલુકામાં કેસોની સંખ્યામાં થતા ચડાવ-ઉતારને લઈ તંત્રની ચિંતા વધી છે.

તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં સરઢવમાં ૫ કેસ, મોટી આદરજ, રૂપાલમાં ૩-૩ કેસ, નવા પાલજ, મોટા ચિલોડા, અડાલજ અને વાંકાનેરડામાં ૨-૨ કેસ તેમજ ડભોડા, શિહોલી મોટી, જલુંદ, વાસણ, ઉવારસદ, મગોડી ગામેથી પણ કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાંથી આજે ૩૬ કેસ મળી આવ્યા છે. બોરીસણા ગામેથી આજે ૧ વર્ષનું બાળક સંક્રમિત થયેલુ મળતાં તંત્રની ચિંતા વધી છે.

તાલુકામાં કેસોની સંખ્યામાં થઈ રહેલ ચડાવ-ઉતારને પગલે તંત્રની ચિંતા વધી છે. તાલુકામાં યુવાવર્ગ પણ વધુ સંક્રમિત થઈ રહ્યો છે.

કલોલ તાલુકામાં શહેરમાં અને ગ્રામ્ય વિસ્તારમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને પગલે તંત્રની દોડધામ વધવા પામી છે. કલોલ શહેરમાંથી આજે ૧૮ કેસ મળી આવ્યા છે. જેમાં કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી ૮ અને અર્બન-૨ વિસ્તારમાંથી ૧૦ કેસ મળી આવ્યા છે. શહેરમાં સર્વેલન્સ સઘન બનાવવામાં આવ્યુ છે.

તાલુકાના ગ્રામ્ય વિસ્તાર બોરીસણા, મોટી ભોંયણમાંથી ૩-૩, મોખાસણ, પાનસરમાંથી ૨-૨ તેમજ જાસપુર, પ્રતાપપુરા, પલિયડ, છત્રાલ, નાંદોલી, રાંચરડા, ઉનાલી, આરસોડિયા ગામેથી પણ કેસ મળી આવ્યા છે.

માણસા તાલુકામાંથી આજે ૨૬ કેસ મળી આવ્યા છે. લોદરામાંથી ૪ કેસ, અર્બન અને યાત્રાધામ મહુડીમાંથી ૩-૩ કેસ તેમજ ખડાત, પુંધરા, રાજપુરા, દેલવાડામાંથી ૨-૨ કેસ ઉપરાંત બિલોદરા, વિહાર, અનોડિયા, રંગપુર, અર્જુનપુરા, ચાંદીસણા, સોજા, માણકેપુરમાંથી પણ કેસ મળી આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે ૯૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૮૩૧૫ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮૭૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૭૦૮૩ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં એક સપ્તાહથી શરૂ થયેલા ઘટાડાનો ટ્રેન્ડ યથાવત રહેવા પામ્યો છે. શહેરમાં આજે નવા ૮૪ કેસ નોંધાયા છે. શહેરમાં નાના બાળકો જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

સંવેદનશીલ ગણાતા વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ પણ તંત્ર ચિંતાતુર છે. શહેરના સેક્ટરોમાં આજે ૪૧ નવા કેસ નોંધાયા છે જ્યારે શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાંથી ૪૩ કેસ મળી આવ્યા છે.

શહેરમાં આજે ૧૦ દર્દી ૨૦ થી ઓછી વય ધરાવતા સંક્રમિત થયેલા જણાયા છે જ્યારે ૧૦ થી ઓછી વયના ૫ બાળકો સંક્રમિત થયેલા મળ્યા છે. શહેરમાં આજે ૩૧ મહિલા દર્દી અને ૬૦ થી વધુ વય ધરાવતા ૭ દર્દીઓ પણ સંક્રમિતોની યાદીમાં છે.

શહેરના સેક્ટરોમાં સે. ૭ માં ૫, સે. ૨, ૪, ૬, ૧૭, ૨૬ માંથી ૩-૩, સે. ૧, ૧૨, ૧૩, ૧૪, ૧૯, ૨૨, ૨૪ અને સે. ૩૦ માંથી ૨-૨ કેસ તેમજ સે. ૩, ૫, ૮, ૧૫ અને ૧૬ માંથી પણ કેસો મળી આવેલ છે. શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાં આજે કુડાસણમાં ૯, કોલવડામાં ૮, સરગાસણમાં ૭, વાવોલમાં ૬, રાંધેજામાં ૪, પેથાપુર, ઝુંડાલમાં ૨-૨ તેમજ ધોળાકુવા, જીઈબી, ઈન્દ્રોડા, ઈન્ફોસીટી, પોરમાંથી પણ કેસો મળી આવ્યા છે.

શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યું છે કે આજે ૧૧૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

જિલ્લામાં રિકવરી રેટ ૮૨ ટકાએ પહોંચ્યો

ગાંધીનગર જિલ્લામાં રિકવરી રેટ ૮૨ ટકા પર પહોંચ્યો છે. જિલ્લામાં છેલ્લા એક સપ્તાહમાં રિકવરી રેટમાં ૫ ટકા જેટલો સુધારો જોવા મળ્યો છે. શહેરમાં અને ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટમાં જે સુધાર આવ્યો છે તેનાથી તંત્રએ મોટી રાહત અનુભવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં તેમજ મનપા વિસ્તારમાં છેલ્લા ચાર દિવસમાં એક હજારથી વધુ લોકો કોરોનામાં રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં સંગઠ્ઠનની સક્રિયતા વધે તે જરૂરી છે : શ્રમમંત્રી દિલીપભાઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં સંગઠ્ઠન કોરોના સામેની લડતમાં તેની સક્રિયતા વધારે અને લોકો સુધી પહોંચે તે વાત પર આજે રાજયના શ્રમ મંત્રી દિલીપ ઠાકોરે આજે ભાર મુક્યો હતો.

ગાંધીનગર મનપાની મુલાકાતે આવેલા દિલીપભાઈએ સંગઠ્ઠન અને ચૂંટાયેલી પાંખના પૂર્વ હોદ્દેદારો સાથે ૩૦ મિનિટથી પણ વધુ સંવાદ કર્યો હતો. તેમણે સૌને સાથે મળી કોરોનાનો મુકાબલો કરવાની શીખ આપી હતી.

આ બેઠકમાં પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ, પૂર્વ મેયર રીટાબેન પટેલ, પૂર્વ ડે. મેયર નાઝાભાઈ ધાંધર, પૂર્વ ચેરમેન સ્થાયી સમિતિ દેવેન્દ્રસિંહ ચાવડા, શહેર ભાજપ પ્રમુખ રૂચિર પટેલ, મહામંત્રી ગૌરાંગ પટેલ સહિતના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

પૂર્વ મેયર રીટાબેન પટેલે સિવિલમાં અપૂરતી સુવિધાઓ મળતી હોવાની તેમજ હોસ્પિટલમાં સાદા વોર્ડ સુધી સ્વજનોને જવા દેવા જોઈએ તેવી રજુઆત કરી હતી. નાઝાભાઈ ધાંધરે તેઓ સિવિલમાં ચાલી રહેલા સેવાકાર્યમાં તેઓ જે મદદરૂપ થઈ રહ્યા છે તેના અનુભવો કહ્યા હતા. તો વેક્સિનેશનના ડોઝ વધુ ફાળવવામાં આવે તેવી રજુઆત પૂર્વ ચેરમેને કરી હતી.

શહેર પ્રમુખ રૂચિર ભટ્ટે શહેરમાં કાર્યકરો દ્વારા ચાલી રહેલા સેવાયજ્ઞની વિસ્તૃત જાણકારી આપી હતી.

રજનીભાઈ પટેલ અને મંત્રી દિલીપભાઈએ સંગઠ્ઠનને હજુ વધુ સક્રિય થવા પર ભાર મુક્યો હતો. તેમણે કહ્યુ હતુ કે સેનેટાઈઝેશન તેમજ માસ્કના અમલ ઉપરાંત સોશ્યલ ડિસ્ટન્સીંગનું પાલન કરાવવુ, હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અને માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનના વસાહતીઓને જીવન જરૂરી ચીજવસ્તુઓ મળી રહે તેના પર ધ્યાન આપવુ જોઈએ. તેમણે મારો વોર્ડ કોરોના મુક્ત વોર્ડ બને તેના પર ધ્યાન આપવાનો આગ્રહ કરતાં કહ્યુ કે કોરોના સામેની લડાઈ એકલ દોકલ નહિ પણ સામુહિક લડત છે. તંત્રને મદદરૂપ થવુ અને લોક જાગૃતિ અભિયાનમાં સક્રિય બની સૌનું યોગદાન મેળવવુ જોઈએ.

નિવૃત્ત સનદી અધિકારી જે.ટી. અખાણીનું દુઃખદ અવસાન

ગાંધીનગર, તા. ૧૬

સનદી અધિકારી જે.ટી. અખાણીનું આજે અવસાન થયુ છે. તેઓ છેલ્લા થોડાક સમયથી બિમાર હતા. તેમણે જેડા સહિતની વિવિધ કચેરીઓમાં ફરજો બજાવી અને સારા અધિકારી તરીકેની લોકપ્રિયતા ઉભી કરી હતી.

જલારામ સેવા સમાજના માધ્યમથી સામાજીક વિકાસમાં પણ તેમનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે.

સે. ૮ માં વૃક્ષ પડતાં મહિલા કર્મયોગીની ઈજાગ્રસ્ત થઈ

પવનની ગતિ ૨૫ કિ.મી.થી પણ વધુ નોંધાઈ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આજે પવન ૨૫ કિ.મી.થી પણ વધુ ગતિએ ફુંકાતા ગ્રામ્ય વિસ્તારોમાં આંધી જેવુ વાતાવરણ સર્જાયુ હતુ.

મોડી સાંજે મળેલા અહેવાલ પ્રમાણે શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં મોટી સંખ્યામાં વૃક્ષો ધરાશાયી થયા છે. માણસા અને ગાંધીનગર તાલુકામાં હળવા વરસાદી ઝાપટા પણ નોંધાયા છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૮ માં સરકારી મકાન નજીકનું એક વૃક્ષ ધરાશયી થતાં માહિતી કમિશ્નરેટમાં ફરજ બજાવતા મહિલા કર્મયોગીની શિરીન બલોચ પર પડ્યુ હતુ અને તેમને પગમાં ફ્રેક્ચર થયા છે.

ગાંધીનગર શહેરમાં વૃક્ષો પડતાં અન્ય કોઈ જાનહાનિ નહિ થઈ હોવાનું જાણવા મળેલ છે. જિલ્લાના સમગ્ર તંત્રને એલર્ટ મોડ પર મુકવામાં આવ્યુ હોવાનું જિલ્લા વહીવટીતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com